GJPM020036102025

**<u>ક્રીમીનલ ઈન્કવાયરી નં.૬૪૮/૨૦૨૫</u>**

**<u>આંક–૧ હેઠળ હુકમ :–</u>**

**(૧)** આ કામે ફરીયાદીની ફરીયાદ અરજીની ટુંકમા હકીકત એવી છે કે, આરોપીની મંગલમ જવેલર્સ નામથી સોના ચાંદીની દુકાન આવેલી છે. તેમજ આરોપી વ્યાજ વટાઉનો પણ ધંધો કરે છે. અમો ફરિયાદી વર્ષ ૨૦૨૧ ના શરૂઆતમાં જ આ કામના આરોપીના સંપર્કમાં આવ્યા હતા. આરોપીએ વાતો વાતોમાં એ જાણી લીધુ કે અમો કાયમી સરકારી નોકરી કરીએ છીએ તેમજ અમો આર્થિક રીતે ખૂબજ સદ્ધર છીએ. જેથી કરીને આ કામના આરોપીએ અમો ફરિયાદીને જણાવ્યું હતું કે તેઓ ગોધરાના એક પ્રતિષ્ઠિત સોના ચાંદીના વેપારી છે તેમજ તેઓ વધુને વધુ ગ્રાહકોને આકર્ષવા જુદી જુદી સ્કીમો પણ ચલાવે છે જેનો લાભ ઘણા બધા લોકો લઈ રહ્યા છે. વધુમાં આરોપીએ અમો ફરિયાદીને તેની મીઠી મીઠી વાતોમાં લઈ લેતા તથા અમો ફરિયાદીને સોનામાં રોકાણ કરવા માટે પ્રેરિત કર્યા. આરોપી અમો ફરિયાદીને એમ પણ જણાવ્યું કે સોનાની કિંમત હંમેશા વધતી રહેવાની છે તેમજ સોનાને ગમે ત્યારે ગમે ત્યાં વેચીને બજાર કિંમતના નાણાં મેળવી શકાય છે જેથી સોનામાં રોકાણ એ સૌથી વધુ સુરક્ષિત તેમજ વળતર આપનારુ છે. આરોપીએ અમો ફરિયાદીને હપ્તેથી સોનુ લેવા માટે પણ જણાવ્યું હતું. જે એક પ્રકારની વીશી સ્કીમ હતી.

**(૧.૧)** વધુમા ફરીયાદી જણાવે છે કે, અમો કરિયાદીએ આરોપી પાસેથી પ્રથમ તારીખ: ૨૪/૦૩/૨૦૨૧ ના રોજ બિલ નં ૪૧૦ (Annexure A1) થી ૨,૨૬,૩૧૧ રૂપિયાનું સોનું ખરીદ્યું હતું જેમાં અમો ફરિયાદીએ આરોપીને રુા.૧,૦૦,૦૦૦/–રોકડેથી ચૂકવ્યા હતા તથા રુા.૧,૨૬,૩૧૧ રૂપિયા બાકી રહ્યા હતા. ત્યારબાદ અમો ફરિયાદીએ બીજી

વાર તારીખ : ૨૭/૦૩/૨૦૨૧ ના રોજ બીલ નં ૪૧૩ (Annexure A2) થી રુા.૧,૦૮,૦૩૦/– રૂપિયાનું સોનું ખરીદ્યું હતું જેમાં અમો ફરિયાદીએ આરોપીને રુા.૨૦,૦૦૦/– રૂપિયા રોકડેથી ચૂકવ્યા હતા તથા રુા.૮૮,૦૩૦/– રૂપિયા બાકી રહ્યા હતા. ત્યારબાદ અમો ફરિયાદીએ આરોપી પાસેથી બીલ નં ૪૫૧ (Annexure A3) થી રુા. ૨,૬૫,૯૬૫/– રૂપિયાનું સોનુ ખરીદ્યું હતું. છેલ્લે અમો ફરિયાદીએ આરોપી પાસેથી તારીખ : ૧૦/૦૯/૨૦૨૧ ના રોજ બીલ નં ૪૭૨ (Annexure A4) થી રુા.૨,૪૩,૦૭૪/– રૂપિયાનું સોનુ ખરીધ્યું હતું જેમાં રુા.૫૦,૦૦૦ રૂપિયા રોકડા ચૂકવ્યા હતા તેમજ રુા.૧,૯૩,૦૭૪/– રૂપિયા બાકી રહ્યા હતા. આમ, અમો ફરિયાદીએ આરોપી પાસેથી આજ દિન સુધી ચાર વખત સોનાની ખરીદી કરી તેમજ અમો ફરિયાદીએ આરોપીને કુલ રુા.૬,૭૩,૩૮૦/– ચુકવવાના થતા હતા. જે રકમ ફરીયાદીએ ઓનલાઇન પેમેન્ટ ધ્વારાં ચુકવી આપેલા હતા.ઉપરોકત ખરીદી દરમ્યાન આરોપી ઉપરોકત સોનાની ડીલીવરી કરવા તેમજ અન્ય કામે ફરીયાદીના ઘરે આવતા જતા હોય અમો ફરીયાદી તથા આરોપી વચ્ચે ભવિષ્યના વ્યવહારો સુરક્ષીત ચાલે તે હેતુથી આરોપીના કહેવાથી ફરીયાદીએ તેમની સહી કરી કેટલા ચેકો સીકયોરીટી પેટેના કોરા ચેક આરોપીને આપેલા હતા.

**(૧.૨)** વધુમા ફરીયાદી જણાવે છે કે, આરોપીએ અમો ફરીયાદીને તેના ધ્વારા ચાલતી ઝીરો મેકીંગ ચાર્જની સ્કીમમા રુપીયા રોકવા માટે જણાવેલ અને ફરીયાદીએ નિયત અંતરાલે આરોપીને અુમક અમુક રુપીયા ભરવાના થશે બીજા ઘણા લોકો રુપીયા ભરે છે અને નિયત સમયે લકકી ડ્રો થાય છે જે લકકી ડ્રોમા ફરીયાદીનુ નામ ખુલશે અને ફરીયાદીએ જેટલા રુપીયા ભરેલ હશે તેના તમામ દાગીના ઝીરો મેકીંગ ચાર્જથી ફરીયાદીને બનાવી આપશે. આરોપીની લોભામણી જાહેરાતમા આવી જતા ફરીયાદીએ તેમની બચતમાથી તા.૪–૪–૨૦૨૧ થી તા.૬–૧–૨૦૨૩ સુધીમા આરોપીને અમારા ધર્મ પત્ની રેખાબેને તેમજ અમારા બેન્ક ખાતા માથી કુલ રુા.૨૧,૨૩,૬૦૦/– ઓનલાઇન બેન્કીંગથી ટ્રાન્સફર કરેલા છે જેમાથી આરોપીએ તેના અગાઉ બાકી નીકળતા નાણાં રુા.૬,૭૩,૩૮૦/–બાદ કરતા ફરીયાદીના આરોપી પાસે રુા.૧૪,૫૦,૨૨૦/– જમા છે. આશરે ૨૨

મહિનાઓ જેટલો સમય વીતી ગયો હોવા છતાં અમો ફરિયાદીનું નામ લકી ડ્રો સ્કીમમાં ન ખુલતા તેમજ આરોપી તરફથી અમોને કોઈ સ્પષ્ટીકરણ ન મળતા અમો ફરિયાદીએ લકી ડ્રો સ્કીમમાં રૂપિયા ભરવાનું બંધ કરી દીધેલ. ત્યારબાદ, અમો ફરિયાદીએ આરોપી પાસેથી અમારા રૂપિયા રુા.૧૪,૫૦,૨૨૦/– પરત માંગ્યા હતા. આરોપીએ જુદા જુદા બહાનાઓ કરી સમય લેતા ગયા અને અમો ફરિયાદીને અમારા રૂપિયા રુા.૧૪,૫૦,૨૨૦/– પરત કરતા ન હતા.તે દરમિયાન અમો ફરિયાદીને ફાઈનાન્સ કંપનીને ચેક આપવાનો હોવાથી અમો ફરિયાદીને અમારી બધી જ ચેક બુકો મૂકેલુ પર્સ ખોવાઈ ગઈ હોવાનું ભાન થતા તારીખ : ૦૬/૧૧/૨૦૨૪ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ની બાલાસિનોર શાખા (Annexure A6), યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાની બાલાસિનોર શાખા (Annexure A7), બેન્ક ઓફ બરોડાની જેઠોલી શાખા (Annexure A3) માં અમારા બધા જ ચેકોના સ્ટોપ પેમેન્ટની અરજી કરેલ છે તેમજ તારીખ; ૧૧/૧૧/૨૦૨૪ ના રોજ અમોએ ઉપરોક્ત તમામ ચેકો બાબતે બાલાસિનોર પોલીસ સ્ટેશને (Annexure A9) જાણવા જોગ અરજી પણ આપેલ છે.

**(૧.૩)** વધુમા ફરીયાદી જણાવે છે કે, અમો ફરિયાદી ગોધરા ખાતે આરોપીની દુકાન પર ગયા હતા અને અમારા રૂા. ૧૪,૫૦,૨૨૦/– પરત માંગ્યા કે તેટલી કિંમતના દાગીના માંગ્યા હતા.જેથી આરોપીએ ઉશ્કેરાઈને ઉદ્ધતાઈ પૂર્વક તેમજ ધમકીપૂર્વક અમો ફરિયાદીને જણાવેલ કે " તારા રૂપિયા તને પરત મળવાના નથી, હવે પછીથી રૂપિયા કે સોનાના દાગીના માંગવા આવીશ તો તારા ટાટીયા તોડી નાખીશ, તારો જીવ વહાલો હોય તો જતો રહે, હવે આ દુકાન ઉપર પગ મૂકતો નહીં, તું પાછો આવીશ તો તને જાનથી મારી નાખીશ અને ક્યાંક ફેંકી દઈશ કે કોઈને તારો મૃતદેહ પણ નહીં મળે, જાન હૈ તો જહાન હૈ, સોનુ તથા રૂપિયા ભૂલી જા". આમ, આ કામના આરોપીએ અમો ફરિયાદીની બચતના રૂપિયા ગેરકાનુની રીતે પડાવી પાડેલ છે.આમ, આ કામના આરોપીના આવા વર્તનને લીધે અમો ફરિયાદી તેમ જ અમારા પત્ની આધાતમાં આવી જતા બીમાર થઈ ગયેલ છે,તથા માનસિક તણાવમાં જીવન જીવી રહ્યા છીએ. આ કામના આરોપી વ્યાજ વટાઉનો ધંધો કરતા

હોવાથી તેઓ અમારા ઉપરોક્ત રૂપિયા આજ દિન સુધી પણ વ્યાજ ઉપર ફેરવીને મોટી કમાણી કરી રહ્યા છે. આરોપી પાસે વ્યાજ વટાઉનો ધંધો કરવા માટે કોઈપણ પ્રકારનું લાયસન્સ કે પરવાનો નથી. આમ ઉપરોક્ત બનાવ બન્યા બાદ અમો ફરિયાદીએ તારીખ : ૧૫/૧૧/૨૦૨૪ના રોજ બાલાસિનોર પોલીસ મથકે ફરિયાદ આપી હતી (Annexure A10) તેમજ સાથે જરૂરી તમામ દસ્તાવેજો પણ આપ્યા હતા. બાલાસિનોર પોલીસે અમો ફરિયાદીના તેમજ આરોપીના નિવેદનો લઈને પ્રાથમિક તપાસ શરૂ કરેલ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એ વાત સામે આવી કે ઉપરોક્ત ગુનો ગોધરા શહેરમાં બનેલો હોવાથી ઉપરોક્ત બનાવ અંગે ફરિયાદ નોંધવાની સત્તા હકુમત એ.ડિવિઝન પોલીસ સ્ટેશન ગોધરાને છે જેથી પ્રાથમિક તપાસ તેમજ કાયદેસરની અન્ય અપૌચારિકતાઓ પૂર્ણ કર્યા બાદ તારીખ : ૨૩/૦૨/૨૦૨૫ ના રોજ બાલાસિનોર પોલીસ સ્ટેશને જાવક નંબર ૩૭૬/૨૦૨૫ થી ગોધરા શહેરના એ.ડિવિઝન પોલીસ મથકને ઉપરોક્ત ફરિયાદ અને સાથે નિવેદનો તથા દસ્તાવેજો ટ્રાન્સફર કરી દીધા હતા જે ગોધરા શહેરના એ ડિવિઝન પોલીસ મથકને તારીખ:૦૧/૦૩/૨૦૨૫ ના રોજ મળી ગયેલ છે. ત્યારબાદ, ગોધરા શહેરના એ ડિવિઝન પોલીસ મથકે અમો ફરિયાદીને બોલાવીને અમારા નિવેદનો લેવામાં આવ્યા હતા, પરંતુ પોલીસે નિવેદનનો લીધા સિવાયની બીજી કોઈ આગળની કાર્યવાહી આજ દિન સુધી કરેલ નથી. જેથી ના છૂટકે આશરે બે મહિનાઓ કરતાં પણ વધુ સમય નીકળી જતા તારીખ :૦૭/૦૫/૨૦૨૫ ના રોજ અમો ફરિયાદીએ પંચમહાલના પોલીસ અધિક્ષક સાહેબ સમક્ષ બી એન એસ એસ ની કલમ–૧૭૩(૩) મુજબ લેખિતમાં ફરિયાદ (Annexure A11) કરેલ છે તથા પોલીસ અધિક્ષક શ્રી ની પણ ઉપરોક્ત ફરિયાદના કામે વારંવાર મુલાકાત લીધેલ છે. પરંતુ, આશરે એક મહિના કરતા પણ વધુ સમય વીતી ગયેલ હોઇ તે દિશામાં કોઈપણ પ્રકારની કાર્યવાહી ન થતાં અમો ફરિયાદીને આપ નામદાર કોર્ટમાં આ ફરિયાદ દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૧.૪)** વધુમા ઉપરોક્ત ૧૫/૧૧/૨૦૨૪ ના રોજ ની બાલાસિનોર ની ફરિયાદની જાણકારી આ કામના આરોપીને થતા આરોપીએ ઉપરોક્ત ફરિયાદને કાઉન્ટર બ્લાસ્ટ કરવા માટે જે ચેકો અમોએ આજ દિન સુધી

આરોપીને આપેલ નથી કે પછી અગાઉ સિક્યુરિટી પેટે આપેલા હતા તેવા ચેકોને બેંકમાં મનઘડંત રીતે ભરી તેમજ મનઘડત કિંમત લખી બેન્કમાં વટાવ માટે જમા કરી દીધા તેમજ તેના સમર્થનમાં મનઘડંત રીતે બીલો બનાવીને અમો ફરિયાદી વિરુદ્ધ નામદાર ગોધરા કોર્ટમાં ક્રિમિનલ કેસ નંબર : ૧૩૦૬/૨૦૨૫ થી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ખોટી ફરિયાદ પણ દાખલ કરેલ છે.ઉપરોક્ત ગુનો દસ્તાવેજી પુરાવાઓનો ગુનો છે. ઉપરોક્ત બનાવ બાબતે પોલીસને અમો ફરિયાદી તેમજ આરોપી ના બેંક સ્ટેટમેન્ટ ની તપાસ કરવી જોઈતી હતી, જેથી પણ ઉપરોક્ત વાત સ્થાપિત થઈ જતી કે આ કામના આરોપીએ અમો ફરિયારી સાથે રૂપિયા રુા.૧૪,૫૦, ૨૨૦/– ની છેતરપિંડી, ગુનાહિત વિશ્વાસઘાત આચરેલ છે તેમજ છેતરપિંડી તથા ગુનાહિત વિશ્વાસઘાત નો ગુનો કોગ્નીઝેબલ હોવાથી સર્વોચ્ચ વડી અદાલતે તેમજ અન્ય અદાલતો એ જુદા જુદા ચુકાદાઓમાં તેમજ સમય સમય પર પ્રસ્થાપિત કરેલ જુદી જુદી માર્ગદર્શિકાઓ તથા સિદ્ધાંતો મુજબ જ્યારે પણ પોલીસને કોઈપણ પ્રકારનો કોગ્નિઝેબલ ગુનો બન્યો હોવાની જાણ થાય તો તરત જ પોલીસ માટે ગુનો નોંધી એફઆઈઆર દાખલ કરવી ફરજિયાત બની જાય છે. વધુમા લલિતા કુમારી વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય સદર કેસમાં નામદાર વડી અદાલતે પ્રસ્તુત કર્યું કે પોલીસને કોઈપણ પ્રકારનો કોગ્નિઝેબલ ગુનો બન્યો હોવાની જાણ થાય ત્યારે એફઆઈઆર નોંધવી ફરજિયાત બની જાય છે. તથા બંધારણના અનુચ્છેદ – ૧૪૧ મુજબ નામદાર વડી અદાલત દ્વારા બનાવવામાં આવતા દરેકે દરેક કાયદાઓ તેમજ માર્ગદર્શિકાઓ એ ભારતની તમામ અદાલતો તેમજ સંસ્થાઓ તથા વ્યક્તિઓને બંધન કર્તા છે તેથી જ લલિતા કુમારી વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય ના કેસમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો ભારત ભરની તમામ અદાલતો તેમજ તમામ સરકારી સંસ્થાઓ તથા વ્યક્તિઓને બંધન કર્તા છે.

**(૧.૫)** સબબ ફરિયાદ અરજી રજુ કરી ફરીયાદીએ અરજ કરી છે કે,

આરોપી ઝીરો મેકિંગ ચાર્જની સ્કીમ ના ચલાવતા હોવા છતાં અમો ફરિયાદીને ગેર રજૂઆતો કરી, છેતરપિંડી કરી, ગુનાહિત વિશ્વાસઘાત આચરી, ગુનાહિત ધમકીઓ આપી તેમજ ફક્ત ગેર કાનૂની રીતે વ્યાજ ઉપર ફેરવવાના બદ ઈરાદાથી જ અમો ફરિયાદીના રૂપિયા ૧૪,૫૦,૨૨૦/– ગેર

કાનૂની રીતે પચાવી પાડેલ છે જેના લીધે અમો ફરિયાદી તેમજ અમારા પત્નીની બચતના રૂપિયા આરોપી દ્વારા ગેરકાનુની રીતે પચાવી પાડતા અમો બંને પતિ પત્ની બીમાર પડી ગયેલ છે. બ્લડ પ્રેશર વધી ગયેલ છે, પેટના રોગ થયેલ છે તથા માનસિક તાણમાં જીવન જીવી રહ્યા છીએ તેમ છતાં આજ દિન સુધી પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની કાયદેસરની આગળની કાર્યવાહી કરવામાં ના આવેલ હોવાથી આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમો–૩૦૩, ૩૧૮(૪), ૨૯૬(બી), ૩૫૧(૨,૩), ૩૧૬(૨) તેમજ ગુજરાત મની લોન્ડરિંગ અધિનિયમ, ૨૦૧૧ ની કલમો – ૪,૫, ૪૦૧, ૪૨ તેમજ લાગુ પડતા અન્ય કાયદાઓ હેઠળ ફરિયાદ નોંધણીની કાયદેસરની કાર્યવાહી કરવા યોગ્ય અને ન્યાયી હુકમ કરવા અરજ છે.

અમો ફરિયાદીના તરફેણમાં બીજા અન્ય ન્યાયિક હુકમ કરશોજી.

અમો ફરિયાદી ના સાહેદો અમો ફરિયાદી પોતે, ફરિયાદમાં જણાવેલ અન્ય તેમજ પોલીસ તપાસમાં નિકળે તે બધા છે.

**(૨)** આ કામે ભારતિય નાગરીક સુરંક્ષા સંહીતાની કલમ.૨૩૩ મુજબ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમા આપેલી ફરીયાદ અને તે અંગે શુ કાર્યવાહી થયેલી છે તે સારુ રીપોર્ટ મંગાવવા હુકમ કરવામા આવેલો. જે કામે આંક–૪ થી રીપોર્ટ રજુ કરેલો છે.

**(૩)** આ ફરીયાદીના વિ.વ.શ્રી ધ્વારાં આંક–૭ થી લેખીત દલીલો રજુ કરેલી છે જે વંચાણે લેવામા આવેલી છે.

**(૪)** ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લેતા ફરીયાદી અને આરોપી વચ્ચે સોના ચાંદી ખરીદવાનો વ્યવહાર થયેલો છે અને તે સબંધે ચેકો આપવાનો પણ વ્યવહાર થયેલો છે અને તે ચેકો તથા વ્યવહાર અંગે આરોપીએ ફરીયાદી સાથે છેતરપીંડી કરેલી છે તેમજ ગુન્હાહીત વિશ્વાસઘાત કરી ખોટી રીતે ધમકી આપેલી છે અને ખોટી રીતે આરોપી નાણા ધીરધાર કરતો હોય તે અંગેની ફરીયાદ દાખલ કરેલાનુ જણાય છે.

**(૫)** આ કામે આંક–૪ નો પોલીસ રીપોર્ટ રજુ છે.જે ધ્યાને લેતા તેમા રીપોર્ટમા પોલીસ ઈન્સ્પેકટર ગોધરા ટાઉન એ.ડીવી.નાઓએ જણાવેલ છે કે, ફરીયાદી અને સામાવાળાને દાગીના અંગે કરાર થયેલો જે કરાર પ્રકાશ ત્રીવેદી નોટરી રુબરુ કરવામા આવેલા અને મંગલમ જવેલર્સના માલીક આકાશ

અચજભાઇ સોની પાસેથી ફરીયાદીને રુ.૧૪,૫૦,૨૨૦/– લેવાના નીકળતા હોય જે પૈસા અથવા તેના બદલામા સોનુ ફરીયાદીને લેવાનુ હતુ તે આપેલ નહી. તેવુ રીપોર્ટમા જણાવેલ છે. ત્યારબાદ પોલીસ ધ્વારાં તપાસ દરમ્યાન સોનીનુ નિવેદન લેવામા આવેલ છે જેમા નિવેદનમા જણાવેલ કે, ફરીયાદી રાજેશભાઇ ધુળાભાઇ વાળંદ નાઓએ બાલાસીનોર મુકામે રે.દિ.મુ.નં.૫/૨૦૨૫ નો દાખલ કરેલો. જે દાવો બાલાસીનોર કોર્ટે તબદીલ કરી ગોધરા કોર્ટમા મોકલી આપતા પાચમા એડી.સીવીલ કોર્ટ ગોધરામા રે.મુ.નં.૩૪/૨૦૨૫ થી રજીસ્ટર્ડ થયેલ છે અને જે દાવાઅરજી ચાલુ છે. તે હકીકતે પોલીસે નાણાંકીય લેવડ દેવડ બાબતે દાવો ચાલતો હોય નાણાંકીય લેવડ દેવડ અંગે અરજી પેન્ડીંગ હોય ફરીયાદીની પોલીસમા કરેલી અરજી દફતરે કરવામા આવેલી છે તેવો રીપોર્ટ કરેલો છે.

(૬) ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદીએ આરોપીની દુકાનના બીલો રજુ કરેલા છે તેમજ બેન્ક ટ્રાન્ઝેકશન થયા અંગેની આરોપીના ખાતાના ટ્રાન્ઝેકશનના ઉતારા રજુ કરેલા છે તેમજ ઇન્ડયુસ બેન્કના ખાતાના ઉતારા તેમજ એચ.ડી.એફ.સી.બેન્કના ખાતાના ઉતારા રજુ કરેલા છે. તે સિવાયના ફરીયાદીએ રજુ કરેલા પુરાવા ધ્યાને લેતા તે દસ્તાવેજી પુરાવા બેન્ક એકાઉન્ટ સબંધીત છે અને તે સાથે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેવામા આવે તો ફરીયાદી સાથે આરોપીએ અપ્રમાણીક રીતે અને બદદાનતથી રુપીયા કઢાવી લેવા માટેનો કોઇ ગુનો કરેલો હોય તેમ જણાતુ નથી અને ફરીયાદી અને આરોપી વચ્ચે જે કરાર થયેલો છે તે સબંધે પૈસાની લેવડ દેવડ બાબતેનો દાવો ચાલુ છે અને તે બંને પક્ષે સ્વિકૃત હકીકત છે ત્યારે આરોપીએ ફરીયાદ મુજબનો ગુનો કરેલો હોય તેવુ આ તબકકે ફરીયાદ ધ્યાને લેતા જણાતુ નથી. વધુમાં ફરીયાદીએ તા.૧૭–૪–૨૦૨૬ ના રોજ આંક–૮ થી કામ બોર્ડ ઉપર લેવાની અરજી આપી આંક–૯ થી કોર્ટમા હાજર રહીને વિડ્રો પુરસીસ આપેલી છે. જે આ કામે સામેલ રાખવામા આવેલી છે પરંતુ આ કામે દાવામા કોઇ સમાધાન થયેલ છે કે કેમ ? તે અંગેનો કોઇ ઉલ્લેખ કરવામા આવેલો નથી.

(૭) આમ, ઉપરોકત કારણોને આધીન આ કામે ફરીયાદી અને આરોપીને પૈસાની લેવડ દેવડ બાબતે દાવો ચાલુ છે ત્યારે અને ફરીયાદ હકીકત મુજબ આરોપીએ ગુનો કરેલો હોય તેવુ જણાતુ નથી. તેવા અભિપ્રાય ઉપર આ

અદાલત આવે છે અને ફરીયાદી પણ પોતાનો કેસ પાછો ખેંચતા હોય ફરીયાદી અને આરોપી વચ્ચે નાણાંકીય લેવડ દેવડ માત્રનોનો પ્રશ્ન સમાયેલ હોવાનો અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે તેમજ આરોપીએ કરેલ ફરીયાદનો ગુનો સમાધાન લાયક હોવાનુ જણાતુ નથી તેમજ આ કામે ફરીયાદી ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી. તે સંજોગો સાથે ઉપરોકત નોંધેલ કારણોને આધીન હાલની ફરીયાદ મુજબના ગુના અંગે સદર ફરીયાદ પોલીસ ઇન્કવાયરીમા મોકલવાનો કે ફરીયાદ નોંધવા અંગેનો હુકમ કરવો કે કોર્ટ ઇન્કવાયરીમા રાખવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયી જણાતુ નથી. આ સંજોગોમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**:: આ ખ રી  હુ ક મ ::**

ફરીયાદીની ફરીયાદ ક્રી.પ્રો.કોડની કલમ.૨૦૩ (ભારતિય નાગરીક સુરંક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ. ૨૨૬ ) મુજબ કાઢી નાંખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ. ૩૦ મી, માહે-એપ્રીલ,સને-૨૦૨૬ ના રોજ સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૪/૨૦૨૬
ગોધરા.

( કીર્તિસિંહ પ્રધાનજી ઠાકોર)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ગોધરા.
**GJ 01168**